# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 23-06-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **કરન મકવાણા** વાંચે છે.

***************************************************

1) ઓપરેશન સિંધુ હેઠળ ઇરાનથી વધુ 285 ભારતીય નાગરિકો હેમખેમ સ્વદેશ પરત ફર્યા
2) ગુજરાતની કડી અને વિસાવદર સહિતની દેશમાં યોજાયેલી ચાર રાજ્યોની પાંચ વિધાનસભા બેઠકો માટેની પેટાચૂંટણીનું આજે પરિણામ
3) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના ભાષણો પર આધારિત પુસ્તકનું વિમોચન કરશે
4) અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો ઈરાનમાં શાસન પરિવર્તનની શક્યતાનો સંકેત
5) ભારતની બીજી ઇનિગમાં 96 રનની સરસાઇથી ભારત અને ઇગ્લેંડ વચ્ચેની પહેલી ટેસ્ટ મેચ રોમાંચક બની

***************************************************

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# OPERATION SINDHU

ગઈકાલે રાત્રે ઈરાનના મશહદથી વિશેષ વિમાનમાં કુલ 285 ભારતીય નાગરિકો નવી દિલ્હી પહોંચ્યા. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે ઓપરેશન સિંધુ હેઠળ અત્યાર સુધીમાં એક હજાર 713 ભારતીય નાગરિકોને ઈરાનથી બહાર લાવવામાં આવ્યા છે. વિદેશ રાજ્યમંત્રી પાબિત્રા માર્ગેરિટાએ ઈરાનથી પરત આવેલા ભારતીય નાગરિકોના જૂથનું સ્વાગત કર્યું હતું..તેમણે માહિતી આપતાં કહ્યું હતું કે આગામી બે દિવસમાં અન્ય વિમાનો પણ ભારતીય નાગરિકોને સુરક્ષિત રીતે લઇને સ્વદેશ પરત ફરશે.

વર્તમાન કામગીરીના ભાગ રૂપે, ઈરાનમાં ભારતીય દૂતાવાસ મોટી સંખ્યામાં ભારતીય નાગરિકોને વિકટ થતી જતી સ્થિતિમાંથી બહાર લાવવા માટે મદદ કરી રહ્યું છે..

ઈરાનમાં ભારતીય નાગરિકોને સલાહ આપવામાં આવી છે કે તેઓ તેહરાનમાં ભારતીય દૂતાવાસે જાહેર કરેલા ઇમરજન્સી હેલ્પલાઇન નંબર અને નવી દિલ્હીમાં વિદેશ મંત્રાલય દ્વારા સ્થાપિત 24x7 કંટ્રોલ રૂમ દ્વારા સંપર્કમાં રહે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# BYPOLLS COUNTING- ASSEMBLY

ચાર રાજ્યોની પાંચ વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણી માટે મત ગણતરી આજે યોજાશે. ગુજરાતમાં વિસાવદર અને કડી મતવિસ્તાર માટે મત ગણતરી થશે. કેરળની નિલંબુર બેઠક, પશ્ચિમ બંગાળની કાલીગંજ અને પંજાબની લુધિયાણા પશ્ચિમ માટે પણ મત ગણતરી કરવામાં આવશે. તમામ બેઠકો ઉપર બપોર બાદ પરિણામો જાહેર થાય તેવી શક્યતા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# RAJNATH-PRESIDENT BOOK

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આજે સાંજે નવી દિલ્હીમાં એક કાર્યક્રમમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના ભાષણો પર આધારિત પુસ્તક "વિંગ્સ ટુ અવર હોપ્સ - વોલ્યુમ 2"નું વિમોચન કરશે. રાષ્ટ્રપતિના કાર્યકાળના બીજા વર્ષ દરમિયાનના તેમના દ્રષ્ટિકોણ, ફિલસૂફી અને પ્રાથમિકતાઓની ઝાંખી કરાવતા આ પુસ્તકમાં 51 સંબોધનોને આવરી લેવાયા છે.

માહિતી અને પ્રસારણ પ્રધાન અશ્વિની વૈષ્ણવ અને રાજ્યમંત્રી ડૉ. એલ. મુરુગન પણ આ કાર્યક્રમમાં હાજરી આપશે.

આ ગ્રંથ હિન્દી અને અંગ્રેજી બંને ભાષામાં પ્રકાશિત થશે, સાથે જ તેનું ઈ-વર્ઝન પણ રજૂ કરવામાં આવશે. રાષ્ટ્રપતિ ભવન દ્વારા સંકલિત અને પ્રકાશન વિભાગ દ્વારા પ્રકાશિત, આ પુસ્તક શાસન, સમાવેશીતા અને રાષ્ટ્રીય આકાંક્ષાઓ પરના પ્રવચન પર આધારિત છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# SHAH - CHHATTISGARH VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગઈકાલે સાંજે રાયપુરમાં નક્સલવાદનો સામનો કરવા માટે એક સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં પોલીસ મહાનિર્દેશકો, અધિક પોલીસ મહાનિર્દેશકો અને સાત ડાબેરી ઉગ્રવાદ પ્રભાવિત રાજ્યો, છત્તીસગઢ, આંધ્રપ્રદેશ, તેલંગાણા, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઝારખંડ અને ઓડિશાના વરિષ્ઠ અધિકારીઓએ ભાગ લીધો હતો. શ્રી શાહે પુનરોચ્ચાર કર્યો હતો કે આવતા વર્ષે 31 માર્ચ સુધીમાં દેશ નક્સલવાદથી મુક્ત થઈ જશે.

આ અંગે પ્રસ્તુત છે અમારા સંવાદદાતાનો એક અહેવાલ..

**(બાઈટ – વિકલ્પ શુક્લા)**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MUMBAI-NATIONAL CONFERENCE

સંસદ અને રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ વિધાનસભાઓની અંદાજ સમિતિઓનું બે દિવસીય રાષ્ટ્રીય પરિષદ આજથી મુંબઈમાં શરૂ થશે. વહીવટમાં કાર્યક્ષમતા અને અર્થતંત્ર સુનિશ્ચિત કરવા માટે બજેટ અંદાજોની અસરકારક દેખરેખ અને સમીક્ષામાં અંદાજ સમિતિની ભૂમિકા પર ચર્ચા-વિચારણા થશે.

આ પરિષદ અંદાજ સમિતિની કામગીરીની 75મી વર્ષગાંઠ નિમિત્તે આયોજિત કરવામાં આવી રહી છે.

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા અને રાજ્યસભાના ઉપાધ્યક્ષ હરિવંશ આ પરિષદમાં હાજરી આપશે. સંસદ અને તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશ વિધાનસભાઓની અંદાજ સમિતિઓના અધ્યક્ષો અને સભ્યો ચર્ચા-વિચારણામાં ભાગ લેશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# HARDEEP PURI - WEST ASIA

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ જણાવ્યું હતું કે સરકાર છેલ્લા બે અઠવાડિયાથી પશ્ચિમ એશિયામાં બદલાતી ભૂરાજકીય પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહી છે. ગઈકાલે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી પુરીએ જણાવ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં, ભારતે છેલ્લા કેટલાક વર્ષોમાં તેના પુરવઠામાં વૈવિધ્યીકરણ કર્યું છે અને હવે હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા મોટા પ્રમાણમાં પુરવઠો આવતો નથી. તેમણે માહિતી આપી હતી કે ઓઇલ માર્કેટિંગ કંપનીઓ પાસે ઘણા અઠવાડિયાનો પુરવઠો હોય છે અને તેઓ અનેક માર્ગો પરથી ઊર્જા પુરવઠો મેળવતા રહે છે. તેમણે કહ્યું કે સરકાર ભારતીય નાગરિકોને ઇંધણના પુરવઠાની સ્થિરતા સુનિશ્ચિત કરવા માટે તમામ જરૂરી પગલાં લે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

)ગોન્ગ મ્યુઝિક(

. . .

# TRUMP- IRAN REGIME CHANGE

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનમાં શાસન પરિવર્તનની શક્યતાનો સંકેત આપ્યો હતો. તેમણે વર્તમાન નેતૃત્વ સામે પ્રશ્ન ઉઠાવ્યો હતો. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક પોસ્ટમાં, રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું કે જો વર્તમાન ઈરાની શાસન ઈરાનને ફરીથી મહાન બનાવવામાં અસમર્થ છે, તો શા માટે શાસન પરિવર્તન ન થવું જોઈએ?

એક અલગ પોસ્ટમાં, તેમણે અમેરિકન સૈન્યના પ્રદર્શનની પ્રશંસા કરતા કહ્યું કે ઈરાનમાં પરમાણુ સ્થળોને થયેલ નુકસાન અકલ્પનિય છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# UNSC EMERGENCY MEETING

ન્યૂ યોર્કમાં યુએન મુખ્યાલય ખાતે સુરક્ષા પરિષદના તાત્કાલિક બોલાવાયેલા ખાસ સત્ર દરમિયાન શાંતિ માટે સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે અપીલ કરી, ઇરાનના પરમાણુ સ્થળો પર અમેરિકાના હુમલા બાદ ઈરાનમાં કટોકટી ઘટાડવા માટે તાત્કાલિક પગલાં લેવાની ગુટરેસે  વિનંતી કરી. પ્રદેશમાં સંઘર્ષને રોકવાના તાત્કાલિક પ્રયાસો કરવા હાકલ કરતા, ગુટેરેસે કહ્યું, સંઘર્ષ છોડવાની અપીલ કરી હતી.. યુએનના વડાએ રાજદ્વારી વાતચિત કરવા તમામ પક્ષોને અપીલ કરી હતી...

રશિયા, ચીન અને પાકિસ્તાન દ્વારા તાત્કાલિક અને બિનશરતી યુદ્ધવિરામની માંગણી કરતો ઠરાવ રજૂ કરવા માટે સુરક્ષા પરિષદની કટોકટી બેઠક બોલાવવામાં આવી હતી. પરિષદમાં ઈરાનના પ્રતિનિધિ, અમીર સઈદ ઈરાવાનીએ કહ્યું કે તેહરાનને અમેરિકાના આક્રમણ સામે પોતાનો બચાવ કરવાનો અધિકાર છે.

ઇઝરાયલના યુએન રાજદૂત ડેની ડેનને કહ્યું કે યુએસ હુમલાઓએ વિશ્વને વધુ સુરક્ષિત સ્થાન બનાવ્યું છે..

ચીનના રાજદૂત ફુ કોંગે યુએસ હુમલાઓની ટિકા કરી અને સંયમ રાખવાની વિનંતી કરી.

રશિયાના રાજદૂત વેસિલી નેબેન્ઝ્યાએ કહ્યું કે અમેરિકાએ એક પેન્ડોરા બોક્સ ખોલી નાખ્યું છે જે સ્પષ્ટ કરે છે કે વોશિંગ્ટનને રાજદ્વારી વાતચિતમાં રસ નથી.

સંયુક્ત રાષ્ટ્રમાં યુએસ રાજદૂત, ડોરોથી શિયાએ કહ્યું કે ઈરાને આગળ વધવું જોઈએ નહીં અને અમેરિકનો અથવા અમેરિકન ઠેકાણાઓ પર પ્રત્યક્ષ કે પરોક્ષ કોઈપણ હુમલો વિનાશક સાબિત થઇ શકે છે.

. . . . . . . . . . .

# REV. IAEA- US STRIKES

આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા સંસ્થા-IAEA ના વડા રાફેલ ગ્રોસીના જણાવ્યા અનુસાર, ઈરાનમાં તાત્કાલિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એજન્સી (IAEA) આજે એક તાકીદની બેઠક યોજશે.

એક સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી ગ્રોસીએ કહ્યું કે, ઈરાનના  પરમાણુ ઠેકાણા પર અમેરિકન લશ્કરી હુમલા પછી તેઓ એજન્સીના બોર્ડ ઓફ ગવર્નર્સની કટોકટી બેઠક બોલાવી રહ્યા છે.

દરમિયાન, ઈરાનના પરમાણુ વડા મોહમ્મદ ઇસ્લામે IAEA ને પત્ર લખીને કહ્યું છે કે તેહરાન અમેરિકાના હુમલાઓની તપાસ ઇચ્છે છે અને વોચડોગને અમેરીકાની કાર્યવાહીની નિંદા કરવા વિનંતી કરી રહ્યું છે.

અગાઉ, IAEA એ પુષ્ટિ કરી હતી કે અમેરિકા દ્વારા ઈરાનમાં ત્રણ પરમાણુ સ્થળો પર હુમલો કર્યા પછી રેડિયેશનના સ્તરમાં "કોઈ વધારો" થયો નથી. એક સોશિયલ મીડિયા સંદેશમાં, સંયુક્ત રાષ્ટ્રની પરમાણુ નિરીક્ષક સંસ્થાએ પુષ્ટિ આપી છે કે અત્યાર સુધી સ્થળની બહાર રેડિયેશન સ્તરમાં કોઈ વધારો થયો નથી. તેણે ઉમેર્યું હતું કે વધુ માહિતી ઉપલબ્ધ થતાં વધુ મૂલ્યાંકન પ્રદાન કરવામાં આવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PLANE CRASH DNA SAMPLE

ગુજરાતના અમદાવાદમાં ગત બારમી જૂનના રોજ સર્જાયેલી વિમાનની દુર્ઘટનામાં અત્યાર સુધી ૨૫૧ મૃતકોનાં ડીએનએ સેમ્પલ મેચ થયા છે, જેમાંથી ૨૪૫ પાર્થિવ દેહ પરિવારજનોને સોંપાવામાં આવ્યા છે.. સોંપાયેલામાંથી 26 પાર્થિવ દેહને હવાઇ માર્ગે લઇ જવામાં આવ્યા હોવાનું અમદાવાદ સિવિલ હોસ્પિટલના અધિક્ષક દ્વારા જણાવાયું હતું.

. . . . . . . . . . . . . . . . . . . .

# CRICKET- INDIA-ENGLAND

એન્ડરસન-તેંડુલકર ટ્રોફીની હેડિંગ્લે ખાતે રમાઇ રહેલી પહેલી ટેસ્ટ મેચ રોમાચંક બની ગઇ છે.. બુમરાહે પાંચ વિકેટ ઝડપતાં યજમાન ટીમ 465 રનમાં ઓલ આઉટ થતાં ભારતને પહેલા દાવમાં છ રનની સરસાઇ મળી હતી.. ભારત આજે લીડ્ઝના હેડિંગ્લે ખાતે ચોથા દિવસે 96 રનની લીડ સાથે તેમની બીજી ઇનિંગ્સ ફરી શરૂ કરશે. ત્રીજા દિવસની રમતના અંતે ભારતે 2 વિકેટે 90 રન બનાવ્યા હતા, જેમાં કે. એલ. રાહુલ 47 અને સુકાની શુભમન ગિલે 6 રન બનાવીને રમતમાં છે.. પહેલી ઇનિગમાં ઇગ્લેંડ માટે ઓલી પોપે 106 રન અને સદી ચૂકી જનારા હેરી બ્રૂકના 99 રનને કારણે તેમને લક્ષ્યની નજીક પહોંચવામાં મદદ કરી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે અનિલ પટેલ

આજનાં તમામ દૈનિકોએ ઇઝરાયેલ-ઇરાન યુધ્ધમાં અમેરિકાનાં પ્રવેશ અંગેનાં સમાચારને હેડલાઇન બનાવી છે.

સંદેશનું શિર્ષક છે- ખામૈની વિરુધ્ધ ટ્રમ્પઃ મધ્યપૂર્વમાં વકર્યો જંગ

ગુજરાત સમાચારની હેડલાઇન છે- અમેરિકાનો ઇરાનનાં અણુમથકો પર બંકર બસ્ટર બોમ્બથી પ્રચંડ હૂમલો

દિવ્ય ભાસ્કર લખે છે- 22 વર્ષ પછી અમેરિકા યુધ્ધમાં ઉતર્યું, ઇરાન પર હૂમલો

આજે કડી અને વિસાવદર પેટાચૂંટણીનાં પરિણામ અંગેનાં સમાચાર સ્થાનિક પાના પર જોવા મળે છે.

ફુલછાબ પ્રથમ પાને જણાવે છે કે, સૌરાષ્ટ્રમાં સચરાચર સારા વરસાદે ધરતીને ભીંજવી દીધી

અમદાવાદમાં દુર્ઘટનાગ્રસ્ત વિમાનનો કાટમાળ ઝાડ સાથે અથડાયો-આ સમાચાર તસવીર સાથે તમામ દૈનિકોમાં પ્રસિદ્ધ થયા છે

ગુજરાત સમાચાર લખે છે- સુરત ગ્રીન ઇ-વ્હિકલ પોલિસી જાહેર કરશેઃ દેશનું પ્રથમ શહેર બનશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .